dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
May 2013 For private circulation only Vol. 05 - Issue 106

જે લોકો સૌથી વધુ કેળવણી પ્રાપ્ત કરશે તે સૌ સરવાળે ચાવીરૂપ સ્થાનો પામશે. એટલે ''કોણ કોલેજમાં જશે ?'' એ સવાલ ''કોણ સમાજની વ્યવસ્થા કરશે ?'' એવા જોરાવર કોયડામાં પરિવર્તિત થાય છે. હળવાશથી યા મિજાજથી વિચારી શકાય તેવો આ સવાલ નથી. એ તો જેને ખાતર યુધ્ધો લડાયાં છે તેવો જટિલ સવાલ છે.

જૉન ડબ્લ્યુ. ગાર્ડનર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

પોતાના જમાનાથી જેઓ ઘણા આગળ હતા તેવા વિલિયમ જેમ્સ નામના વિદ્વાને સ્ટેન્ફર્ડ યુનિવર્સિટી ખાતે ઈ.સ. ૧૯૦૬માં એક વ્યાખ્યાન આપતાં કહયું હતું કે, ''દુનિયા હવે સમજતી થવા લાગી છે કે કોઈ પણ રાષ્ટ્રની સંપત્તિ, અન્ય કોઈ બાબત કરતાં, એને ત્યાં વસતા ઉત્તમ માણસોની સંખ્યા પર નિર્ભર છે.'' વિલિયમ જેમ્સની આ સમજણ આજે એકવીસમી સદીમાં ખૂબ બળવત્તર રીતે સ્વીકારવામાં આવી છે.

માનવજાત ઉત્તરોત્તર વિકાસનાં સોપાનો જે રીતે સર કરી રહી છે, યંત્ર સંસ્કૃતિએ સમાજ વ્યવસ્થામાં જે રીતે પોતાની પકડ જમાવી છે અને જે ઝડપથી સમાજ જીવનનાં તમામ ક્ષેત્રોમાં પરિવર્તન આવી રહયું છે તે જોતાં જ્ઞાનથી સમૃધ્ધ માણસોની આવશ્યકતા ખૂબ મોટા પ્રમાણમાં ઊભી થવા પામી છે. જ્ઞાનથી વિમુખ રહેવું આપણા સમયમાં જે તે વ્યકિતને, એના ઘર કુટુંબને, સમાજને, રાષ્ટ્રને કે માનવજાતને સહેજે ય પરવડે તેમ આજના સમયમાં નથી. પ્રત્યેક મનુષ્યને જ્ઞાન આપી તાલીમબધ્ધ કરવા અત્યંત જરૂરી છે. આનો અર્થ એ થયો કે વધારેમાં વધારે પ્રમાણમાં સુદ્રઢ કેળવણીતંત્રો અને કેળવણીવાહકોની જરૂર રહેવાની છે. પ્રાજ્ઞ કેળવણીકારોએ પ્રતિભાશાળી અને એથી વિકાસ પામેલ સમજવાળા માણસો સમાજને મોટી સંખ્યામાં આપવાની જવાબદારી નિભાવવાની છે. બીજે પક્ષે સમાજે પણ બુધ્ધિશકિતથી ભરપૂર માનવ સમુદાયનો મહત્તમ ઉપયોગ કરવો જોઈશે. બુધ્ધિશાળીઓ બેકાર ફરે તે સ્થિતિ જે તે રાષ્ટ્ર માટે ખતરનાક સાબિત થશે. આ સંદર્ભમાં આલ્ફ્રેડ નોર્થ વાઈટહેડ મહત્વની વાત નોંધતા કહે છે : ''આધુનિક જીવનની પરિસ્થિતિમાં એ નિયમ અપરિવર્તનશીલ સનાતન છે કે જે પ્રજા તાલીમ પામેલી બુધ્ધિપ્રતિભાની કદર કરતી નથી તે ફેંકાઈ જવાની છે.''

વિશિષ્ટતા યુકત તાલીમબધ્ધ પ્રતિભા સંપન્ન વ્યકિતઓ મોટા પ્રમાણમાં સમાજને મળવી જોઈએ અને સમાજે પ્રતિભા સંપન્ન વ્યકિતઓની ઉપેક્ષા ન કરતાં તેનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. કેળવણીના માધ્યમ દ્વારા જ સમાજવિકાસ શકય છે. કેળવણીનું પ્રમુખ કર્તવ્ય જ સામર્થ્યવાન સમાજની રચના કરવાનું છે. સામર્થ્યવાન સમાજ સામર્થ્યવાન માણસો દ્વારા બને અને સામર્થ્યવાન માણસો સામર્થ્યવાન શિક્ષકો દ્વારા તૈયાર થાય. એ વાતે આપણે નાસંમત થઈ શકીએ નહીં. કોઈ પણ સમાજે શ્રેષ્ઠતમ્ થવું હશે તો કેળવણી-સાતત્યપૂર્ણ કેળવણી, મૂલ્યનિષ્ઠ કેળવણીનો હાથ ઝાલ્યા વગર છૂટકો નથી. સમાજસંવર્ધનની આ એક માત્ર યુકિત કે પ્રયુકિત છે. કેળવણી જેમના દ્વારા અપાય છે તેવા શિક્ષકોએ પોતાની કાર્યસિધ્ધિમાં શ્રેષ્ઠતા લાવવા માટે સતત પ્રયત્નશીલ રહી સમાજના હીતમાં સમાજના ચરણે તેનું શ્રેષ્ઠ અર્પણ કરવું જોઈએ અને એ બદલ ગૌરવ મેળવવાના અધિકારી બનવું જોઈએ. ઉત્તમ શિક્ષક થવાની મથામણ કરનારાઓએ સજગ રહીને પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું પડશે. પોતે સમાજનું એક અભિન્ન અંગ છે તે યાદ રાખીને પોતાનું જ અંગ વધારે મજબૂત બને તેમ કરવામાં કશી કસર કરવા જેવી નથી. શિક્ષક શિક્ષણના કેન્દ્રમાં બિરાજમાન છે ત્યારે કેન્દ્ર વધારે મજબૂત બને તે જોવું રહયું. કશુંય નભાવી કે નિભાવી લેવાનું પરવડે તેમ નથી. સમાજના-સ્વસ્થ સમાજના વિકાસમાં શિક્ષકનો ફાળો અનન્ય છે તે દીવાલ પર નહીં પણ દિલમાં લખી રાખવા જેવું વિધાન છે.

જોઝ માર્ટીના વિચાર સાથે આપણે ફરી મળીશું. જોઝ લખે છે : ''પર્વતો શિખરોમાં પરાકાષ્ઠાએ પહોંચે છે અને રાષ્ટ્રો આદમીઓમાં.''

તા. ૩૦ મે, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિશ્રી

# કૉલેજ ન્યૂઝ

## સ્પર્ધા

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને માઈક્રોબાયોલોજી સ્ટડી સેન્ટર નડિયાદના સંયુકત ઉપક્રમે સેન્ટ ઝેવિયર્સ સાયન્સ કોલેજ, અમદાવાદ મુકામે ૨૪મી રાજયકક્ષાની સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં નારણ લાલા સાયન્સ કોલેજના બી.એસસી. (મેડીકલ ટેકનોલોજી)ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી પોસ્ટર કોમ્પીટીશનમાં વર્મા દિક્ષા પી.-પ્રથમ, એક્ક્ષ ટેમ્પોર (શીઘ્ર વકતૃત્વ)માં ચાવડા ડિમ્પલ જે.- દ્વિતીય અને સાયન્સટૂન કોમ્પીટીશનમાં મોટરવાલા નિલોફર એ. - તૃતીય ક્રમે વિજેતા થયા.

## દીક્ષાંત સમારંભ



ઍમિટી બી,એડ્.કોલેજ, ભરૂચ ખાતે તા. ૨૩-૩-૨૦૧૩ના રોજ યુનિવર્સિટીનાં કુલસચિવશ્રી ડૉ.જે.આર.મહેતા શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. તેમણે ઍમિટી શૈક્ષણિક સંકુલના વિવિધ એકમોની પ્રવૃતિઓ નિહાળ્યા બાદ તાલીમાર્થીઓને સંબોધન કર્યું હતું. તદુપરાંત દીક્ષાંત સમારંભમાં તાલીમાર્થીઓને ભાવિ શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા બાબતે પ્રોત્સાહિત કર્યા હતાં. બધા વ્યવસાય કરતાં શિક્ષકને વ્યવસાય કઈ રીતે જુદો પડે છે તથા શિક્ષકોની શું જવાબદારી છે તે બાબતે તેમણે ખૂબ ઉંડાણથી વાત કરી હતી.વધુમાં તેમણે શિક્ષણક્ષેત્રે ગુણવતા માટે જણાવ્યું હતું કે "શિક્ષક નૈતિકતાથી ભરપૂર અને વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધ બની ઉતમ વિદ્યાર્થીનું નિર્માણ કરી શકે છે," અંતે તેઓએ કૉલેજ પરિવાર સાથે વર્તમાન શિક્ષણની જરૂરિયાતો તેમજ પરિવર્તન વિષયક બાબતોનું આદાન-પ્રદાન કર્યું.

## પુસ્તક પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પુસ્તક પરિચય કાર્યક્રમ અંતર્ગત નિવૃત પ્રાધ્યાપક બી.એન.દેસાઈએ 'સ્વામી આનંદ' ના શ્રેષ્ઠ નિબંધો પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો હતો. પુસ્તક પરિચય દરમિયાન પ્રા.બી.એન.દેસાઈએ લેખક શ્રી સ્વામી આનંદનો રસપ્રદ પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા.કે.આર.ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું. તદ્પરાંત લાયબ્રેરી સમિતિના "પુસ્તક પરિચય હારમાળા" કાર્યક્રમના ૧૫મા મણકાના પ્રસંગે વલસાડની શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજના પ્રા. શ્રીમતી ભૈરવીબેન દેસાઈએ ચેતન ભગતના "રીવોલ્યુશન ૨૦૨૦" પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે પુસ્તક પુષ્પથી પ્રા. ભૈરવીબેન દેસાઈનું સન્માન કર્યું હતું અને વેકેશનનો સમય હોવા છતાં કાર્યક્રમમાં હાજર રહેવા બદલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં ટ્રસ્ટી મંડળના સભ્યશ્રી વિનોદભાઈ ટોપીવાળા તથા શ્રી અજયભાઈના હસ્તે વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

## NET

યુ.જી.સી, નવી દિલ્હી દ્વારા લેવાયેલી NETમાં વિદ્યામંદિર ઝેડ.એફ.વાડિયા વીમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટ કૉલેજ ઓફ કોમર્સના, સુરતના પ્રા જયેશભાઈ એન.ચૌહાણ કોમર્સ વિષય અને શ્રી મનિષભાઈ એચ.ટેલર, લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે.

એસ.આર.પટેલ બી.એડ.કૉલેજ, સુરતના આસિ. પ્રોફે. સુમિતભાઈ એન. રામાચંદાની ડિસેમ્બર ૨૦૧૨માં લેવાયેલ યુ.જી.સી.નેટ શિક્ષણ વિષયમાં ઉત્તિર્ણ થયેલ છે.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના પ્રા. હેમીના અધ્વર્યુ અને મિતાલી બદામીએ ડિસેમ્બર ૨૦૧૨માં લેવાયેલ યુ.જી.સી. નેટ ઉત્તીર્ણ કરેલ છે.

## એન.એસ.એસ.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢાના એન.એસ.એસ. યુનિટ દ્વારા દત્તક લીધેલ ગામ 'અંધારપાડા' માં ગૌદાન કાર્યક્રમ યોજાયો જેમાં ૧૬ ગ્રામજનોને લાભાન્વિત કરાયા. જરૂરિયાતમંદોને ૧૬ વાછરડા-વાછરડી આપવામાં આવ્યાં હતાં. આ કાર્યકમ યોજી શકવાનો યશ શ્રી લાલજી વેલજી શાહ (એંકરવાળા) શ્રી વલસાડ ગૌશાળા અને પાંજરાપોળને ફાળે જાય છે. આ સંસ્થાના ટ્રસ્ટીશ્રી અનિલભાઈ શેઠિયાના સહયોગથી આ કાર્ય સંપન્ન થયું. આ અગાઉ 'ખાસ શિબિર' દરમ્યાન 'વારોલી તલાટ' મુકામે ૩૦ વાછરડાં વાછરડી આપી જરૂરિયાતમંદોને મદદરૂપ થવાનું શકય બન્યું હતું. પ્રોગામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. આશા કે. ગોહિલ, પ્રા. વનિતાબેન એન. દેસાઈ પ્રા. હિતેશભાઈ જે. પટેલ અધ્યક્ષપણા હેઠળ ઈન્ચાર્જ આચાર્યશ્રી આર. એલ. પટેલ તથા મંડળના પ્રમખશ્રી કેતનભાઈ પટેલ ઉપપ્રમુખશ્રી રામજીભાઈ પટેલના માર્ગદર્શન, પ્રોત્સાહન અને હૂંફ થકી આ કાર્યક્રમ સફળ રીતે યોજાયો.

## મુલાકાત

વી.એસ પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બિલિમોરાના એન.સી.સી. નવસારીના સંયુકત ઉપક્રમે કોલેજના એન.સી.સી. કેડેટો અને મેજર ભાવેશ દેવતાએ બીલીમોરા અને ગણદેવી મુકામે ઘરડાઘરની મુલાકાત લીધી હતી. સ્વ. મંજુલાબેન હર્ષદભાઈ પટેલ ના નિમીતે દરેક ઘરડાને જમાડવામાં આવ્યાં હતાં જેમા મહાવીર ઘરડાઘર બીલીમોરાના મેનેજરશ્રી માધુભાઈ પુરોહિત અને ગણદેવી ઘરઘરના સોલંકીએ કેડેટોને ઘરડા માણસો અંગે માહિતી આપી.

વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજની મુલાકાત નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત દ્વારા નિયુકત એકેડેમીક એન્ડ એડમીનીસ્ટ્રેટીવ ઓડિટ કમિટિએ તા. ૨-૫-૧૩ના રોજ ઈન્સપેકશન હેતુથી મુલાકાત લીધી હતી. કામાનીસાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરોલી, સૌરાષ્ટ્રના કેસીજી પ્રતિનિધિ પ્રિ. ડૉ. અતુલકુમાર પટેલની અધ્યક્ષતામાં વલસાડ જીલ્લાની કોલેજના બે પ્રતિનિધિઓ પ્રિ. ડૉ. બાબુભાઈ ટંડેલ તથા પ્રિ. જે.ટી. દેસાઈ સાથે હાજર રહયા હતા. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન કોલેજ દ્વારા હાથ દારાયેલ વિવિધ પ્રવૃત્તિઓ સંદર્ભે પ્રિ. ડૉ. જે.એમ. નાયકના પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તથા કોલેજ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓનું વિહંગાવલોકન કરીને તથા શૈક્ષણિક સ્ટાફના સભ્યો સાથે મુલાકાત કરીને કમિટિના સભ્યોએ સંપૂર્ણ સંતોષ વ્યકત કર્યો હતો તથા અભ્યાસની સાથે સાથે કોલેજ દ્વારા હાથ ધરવામાં આવેલી અનેકવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. કમિટિના ચેરમેનશ્રીએ

યુજીસીની સમયથી અનેકવિધ શૈક્ષણિક ટેકનોલોજીના ઈકવીપમેન્ટ ખરીદીને કોલેજને આધુનિકરણના પંથે લઈ જવા માટે આનંદની લાગણી વ્યકત કરી જરૂરી સૂચનો કરીને ટીમવર્ક દ્વારા આટલા જ ઉત્સાહથી ભવિષ્યમાં પણ કાર્યરત રહેવાનો અનુરોધ કર્યો હતો. પ્રા. ટી.જી. પટેલે આભારવિધિ આટોપી હતી.

## પ્રાઈઝ

માર્ચ ૨૦૧૨માં લેવાયેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એસસી. પરીક્ષામાં નવયુગ સાયન્સ કોલેજના વિદ્યાર્થી મુંછાળા નિકુંજે રસાયણશાસ્ત્ર વિષયમાં ૭૮.૯૦ ટકા માર્કસ મેળવી સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવી પ્રિ. ડૉ. કુસુમબેન દેસાઈ મેડલ, ડૉ. બી.એન. દેસાઈ પ્રાઈઝ અને ડૉ. આર. કે. મપારા પ્રાઈઝ મેળવ્યા છે. નિકુંજની આ જવલંત સફળતા બદલ આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલ તેમજ સમગ્ર કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

## વર્કશોપ

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૮ અને ૧૯-૪-૧૩ના રોજ તાલીમાર્થીઓ માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે વિદ્યાકુંજ સંકુલ ડાયરેકટર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રી મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. બે દિવસીય વર્કશોપહાં તાલીમાર્થીઓએ શાળા વ્યવસ્થાપન, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમ, અહેવાલ લેખન, સેમેસ્ટર સિસ્ટમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પ્રવાસ પર્યટન, ધ્વજ વંદન તાલીમ તેમજ વ્યકિતત્વ વિશેની જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ઈ. આચાર્ય ડૉ. અરવિંદભાઈ ટાંકે કર્યું હતું.

## વિમોચન

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૧૬-૪-૧૩ના રોજ સંસ્થાના વર્ષ ૨૦૧૨-૧૩ના વાર્ષિક મુખપત્ર 'શ્રીરંગમ્'નું વિમોચન અસ્પી કન્યા વિદ્યાલય, આંતલિયાના આચાર્યા શ્રીમતિ જયશ્રીબેન દેસાઈના હસ્તે થયું હતું. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે શ્રીમતિ જયશ્રીબેનનું સ્વાગત કરી તેમનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ 'શ્રીરંગમ્'ના સંપાદક ડૉ. ગાયત્રીબેન પટેલે ઉચિત ભૂમિકા રજૂ કરી હતી. શ્રીમતિ જયશ્રીબેને પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભાવિ શિક્ષકને કુટુંબ સમાજ અને શાળા પ્રત્યેની પોતાની ફરજોથી સજાગ રહીને સમાજમાં પોતાના સર્જનાત્મક ફાળો આપવાની વાત કરી હતી. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે તાલીમાર્થીઓને તેમના ભાવિજીવન માટે શુભેચ્છા આપી સફળ જીવન જીવવા માટે જરૂરી બાબતો તરફ ધ્યાન દોર્યું હતું. તાલીમાર્થીઓએ પોતાના વર્ષ દરમ્યાનના અનુભવોને શબ્દોરૂપે બધા સમક્ષ મુકાયા હતા. આ પ્રસંગે અધ્યાપકોએ પણ તાલીમાર્થીઓને ભાવિજીવન માટે શુભેચ્છા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલે કર્યું.

## એન.સી.સી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના નેશનલ કેડેટસ કોર યુનિટ દ્વારા અપંગ અને મંદબુધ્ધિના બાળકો માટે નેશનલ સ્પેશિયલ ઓલિમ્પિક બીએપીએસ સ્કૂલ, અબ્રામા તા. ૨૦-૧-૧૩ અને ૨૧-૧-૧૩ના રોજ વલસાડ ખાતે યોજાયો હતો. જેમા વલસાડની કોમર્સ કોલેજના એન.સી.સી. યુનિટની ૦૬ બહેનો અને ૦૪ ભાઈઓએ સ્વયંસેવક અને રેફરી તરીકે સુંદર સેવા બજાવી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. એન.સી.સી. કેડેટસોને માર્ગદર્શન એન.સી.સી. ઈન્ચાર્જ પ્રા. મુકેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. તદ્‌પરાંત કોલેજના એન.સી.સી. કેડેટ્સોએ કેરાલા ખાતે એન.આઈ.સી. રાષ્ટ્રીય કક્ષાના કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાં કુ. અનુ નાગે સોલો ડાન્સમાં ત્રીજો ક્રમ મેળવ્યો હતો.

## આરોગ્ય

સી.ડી. પચ્ચીગર જનરલ હોસ્પિટલ, સુરતને દર્દીઓના લાભાર્થે, દાતાશ્રીઓ વીર મહેશકુમાર અગ્રવાલ તથા વીર રતનજી શરાબ તરફથી મહાવીર ઈન્ટરનેશન ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા એમ્બ્યુલન્સ ભેટ કરવામાં આવેલ છે. જેના લોકાર્પણ તેમજ અભિવાદન સમારોહનું આયોજન તા. ૨-૪-૧૩ના રોજ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું જેમાં ટ્રસ્ટના, પ્રેસિડન્ટ વીર સુરેન્દ્રજી મરોઠી, સહિત અન્ય પદાધિકારીઓનું સન્માન તેમજ અભિવાદન ટ્રસ્ટના ચેરમેન શ્રી ડૉ. દશરથ ઘ. પચ્ચીગર, સેક્રેટરી શ્રી સમીરભાઈ પચ્ચીગર તથા ઈ.ચા. પ્રિ. ડૉ. વિપુલ આર. શાસ્ત્રીના હસ્તે પુષ્પગુચ્છ તેમજ શાલથી કરવામાં આવ્યું હતું.

## દક્ષિણાયન

શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ, વલસાડના પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા યુનિવર્સિટીના વૃત્તપત્ર 'દક્ષિણાયન'માં શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ, કોલેજ, વલસાડના વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન વિવિધ શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રસિધ્ધ થયેલ સમાચારપત્રોનું સંકલન કરીને ૭ પાનાની પુસ્તિકા પ્રગટ કરેલ છે. પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા સંકલિત પુસિતકા કોલેજના પ્રચાર-પ્રસાર માટેનું ઉત્તમ માધ્યમ બનીને અન્ય કોલેજો માટે પણ પ્રેરણા સ્ત્રોત બને છે.

## વાંચન વિશેષ

**વિદ્યાવિચાર**

સંપાદક : ડૉ. દક્ષેશ ઠાકર

અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૧. પૃ. ૨૩૯. રૂા. ૨૧૫-૦૦

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય'માં પ્રસિધ્ધ થયેલ કુલપતિશ્રીઓના શિક્ષણ વિષયક વિચારો 'આદિવચન' આ ગ્રંથમાં સ્થાન પામે છે.

આ યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય' વિષે કુલપતિશ્રી ડૉ. હેમીક્ષાબેન રાવ નોંધે છે કે : 'કહેવાય છે કે, કોઈ સજ્જન અને ઉમદા વ્યકિતના હાથે આરંભાયેલું કાર્ય નિર્વિઘ્ન અવિરત ચાલ્યા કરતું હોય છે. આ વાત સાચી હોવાની મને પ્રતીતિ થઈ. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું મુખપત્ર પચ્ચીસ વર્ષના દીર્ઘકાળથી આજ પર્યંત સુંદર રીતે પ્રકાશિત થયા કર્યું છે. આ મુખપત્ર એટલે 'ઉદીચ્ય'. યુનિવર્સિટીના આ મુખપત્ર 'ઉદીચ્ય'નો આરંભ થયો ૧-૮-૧૯૮૮માં તે સમયના દ્રષ્ટિવંત કુલપતિ આદરણીય કુલીનચંદ્ર યાજ્ઞિકના પ્રયત્નથી. આજે તો આ મુખપત્ર આપણી યુનિવર્સિટીની આગવી ઓળખ બની ગયું છે.'

આ ગ્રંથમાં કુલપતિઓ સર્વશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબના ૧૭, ડૉ. દાઉદભાઈ ઘાંચીના ૧૨, શ્રી ચંદ્રકાન્ત ત્રિવેદીના ૦૨, શ્રી એન.આર. દવેના ૧૫, ડૉ. બળવંત જાનીના ૧૫, ડૉ. એમ.એમ. પટેલના ૧૩, પ્રોફે. બી.એ. પ્રજાપતિના ૦૯, ડૉ. કે.કે. શાહના ૧૦, ડૉ. જે.એચ. પંચોલીના ૦૨, અને ડૉ. હેમીક્ષાબેન રાવના ૦૬ લેખ સમાવેશ પામે છે.

આ ગ્રંથ વિષે સંપાદક ડૉ. દક્ષેશભાઈ ઠાકર નોંધે છે કે: ‘ગુજરાતીમાં એક કહેવત છે : ‘વળીને બે ખીલા ને મોભને બાર ખીલા’. જેટલો મોટો હોદ્દો તેટલી વધુ જવાબદારી. એકલી સત્તા કોઈને મળતી હોતી નથી. સત્તાનો આનંદ મેળવવા માટે જિંદગીના કેટલાય કલાકોની આહુતિ આપવી પડે છે. યુનિવર્સિટીનું કુલપતિપદ એ જેવી તેવી બાબત નથી. અનેક વ્યસ્તતાનો, સમસ્યાઓ, વહીવટી કામો, અનેક વિભાગો, ભવનો, કોલેજો અને વ્યકિતઓ પર દેખરેખ રાખવાની અને માર્ગદર્શન આપવાનું. સમાજ અને સરકારની અપેક્ષાઓ સમજી એ ફળિભૂત કરવા પ્રયત્નશીલ રહેવાનું. કહો કે મીણના ઘોડા પર બેસીને અંગારા પરથી પસાર થવાનું ! જો કે, વ્યસ્તતાઓ વચ્ચે કર્તવ્ય યથાર્થ રીતે નિભાવ્યાનો આનંદ પણ સ્વાભાવિક રીતે જ જુદો-અનેરો હોવાનો. વિવિધ વ્યસ્તતાઓમાંથી સમય બચાવી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી નિયમિતપણે ‘ઉદીચ્ય’ મુખપત્રનો અગ્રલેખ લખતા રહયા છે જેમાં તેમના ઉચ્ચશિક્ષણ સંબંધી વિચારો-તેમની સમજ અને તેમનો સંકલ્પ પ્રતિબિંબિત થતાં રહયાં છે... યુનિવર્સિટીની સ્થાપનાને પૂરા પચ્ચીસ વર્ષ થયા છે. આ નિમિત્તે કશુંક નવું કરવાની કુલપતિશ્રી હેમીક્ષાબહેનની ખેવના હતી. વાતમાંથી વાત નીકળી મને અચાનક ફોન કરીને પાટણ બોલાવ્યો ને ‘ઉદીચ્ય’ના આમુખના લેખો ગ્રંથ સ્વરૂપે પ્રગટ કરવાની ઈચ્છા દર્શાવી મને એ માટેની જવાબદારી સોંપી. પ્રસિધ્ધ થયેલા તમામ લેખો લેવાનું મને ઠીક ન લાગ્યું. અતિ પ્રસ્તાર થાય તે તો સમજયા પણ કેટલાક લેખો સમસામયિક હતા. કેટલાકમાં વિચારોનું પુનરાવર્તન પણ થતું હતું એટલે લેખોની પસંદગી કરી. દરેક કુલપતિશ્રીઓ-ઈન્ચાર્જ કુલપતિશ્રીઓના લખેલા લેખોમાંથી આચમન સ્વરૂપે પસંદ કરેલા લેખો આ સંપાદનમાં સમાવવામાં આવ્યા છે. શિક્ષણપ્રહરીઓ અને શિક્ષણપ્રેમીઓને આ સંપાદન ચોકકસ ઉપયોગી થશે. યુનિવર્સિટીનું આ એક જુદા પ્રકારનું મહત્વનું કામ બોલશે. શિક્ષણ વિષયક વિચારોમાંથી પસાર થવાથી હું તો સમૃધ્ધ થયો છું.’

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ કુલપતિશ્રી ડૉ. એન.આર. દવેએ ‘ઉદીચ્ય’માં લખેલા લેખોનો ગ્રંથ ‘ઉચ્ચશિક્ષણ : ચિંતા અને ચિંતન’ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના ‘દીપે અરૂણું પરભાત’ ગ્રંથ આપણને મળે છે. જયારે આ ગ્રંથમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીઓએ વૃત્તપત્ર ‘ઉદીચ્ય’માં લખેલા ‘આદિવચનો’નું સંકલન આપણને સૌપ્રથમ મળે છે જે શિક્ષણ જગત માટે એક વિરલ ઘટના છે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**

**ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન** (નેટ, સ્લેટ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના હેતુલક્ષી પ્રશ્નો અને ઉત્તરો)
સંપાદક : ડૉ. બી.જે. અંકુયા, રોહતક : શાન્તિ પ્રકાશન, ૨૦૧૨. પૃ. ૨૦૦. રૂા. ૨૦૦

ગ્રંથાલયશાસ્ત્રના પિતામહ ડૉ. એસ.આર. રંગનાથનના પાંચ સૂત્રો પૈકી ચોથું સૂત્ર “વાચક અને કર્મચારીઓનો સમય બચાવો” ને અનુસરીને આ પુસ્તકમાં હેતુલક્ષી પ્રશ્નોની સાથે જ તેના ઉત્તરોની સામે ટીક માર્કની નિશાની કરવામાં આવેલ છે. જેથી આ પુસ્તકના ઉપયોગકર્તાનો સમય બચશે. આ પુસ્તકમાં સમાવેશ પામતા તમામ પ્રશ્નોને વર્ણાનુક્રમમાં ગોઠવીને પ્રસ્તુત કરવામાં આવેલ છે.

ગ્રંથાલયશાસ્ત્રના આંતરવિષયો પૈકી કમ્પ્યૂટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના પ્રશ્નોને પણ આ પુસ્તકમાં આવરી લેવામાં આવેલ છે. જે તેનું જમા પાસુ છે.

આ પુસ્તકના “આવકાર”માં સેવા નિવૃત્ત યુનિવર્સિટી લાઈબ્રેરીયન શ્રી મણિભાઈ પ્રજાપતિ લખે છે કે, “ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોના જ્ઞાનસંવર્ધન તેમજ નેટ, સ્લેટ વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષાઓને ધ્યાને લઈને તેમના દ્વારા હેતુલક્ષી પ્રશ્નો અને ઉત્તરોના સ્વરૂપમાં કરવામાં આવું પ્રસ્તુત ગ્રંથનું સંપાદન ઉપયોગી બની રહેશે તેમ પ્રતીત થાય છે. અંગ્રેજી અને હિન્દી ભાષાઓમાં આ પ્રકારનાં ઘણાં પુસ્તકો ઉપલબ્ધ છે. પરંતુ, ગુજરાતીમાં તેની ખોટ પ્રવર્તતી હતી, જે તેમણે પૂર્ણ કરવા પ્રયાસ કર્યો છે.”

પુસ્તકની પ્રસ્તાવનામાં સંપાદક દર્શાવે છે કે “મારા આદરણીય કુલગુરુ પ્રિ. ડૉ. દક્ષેશભાઈ ઠાકર યુનિવર્સિટીના વૃત્તપત્ર “દક્ષિણાયન”ના અંક ૮૦માં કહે છે કે “સાત ભવનાં પુણ્ય કર્યા હોય ત્યારે ગ્રંથપાલ થવાય.” આ પુણ્ય કમાવવાની તક મને મારી માતૃસ્વરૂપા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ પૂરી પાડી, તે માટે આજીવન ઋણી છું” આમ, સંપાદક અમારી યુનિવર્સિટીનો પણ ઋણ સ્વીકાર કરે છે.

કોલેજ ગ્રંથપાલ, યુનિવર્સિટીના આસિસ્ટન્ટ લાઈબ્રેરીયન અને ગ્રંથાલયશાસ્ત્રના અધ્યાપકો માટે નેટ-સ્લેટને લાયકાત તરીકે ગણવામાં આવેલ છે. આપણી માતૃભાષા ગુજરાતીમાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિષયમાં સ્લેટ પરીક્ષા માટે ગુજરાતીમાં પુસ્તકો નહીવત પ્રમાણમાં છે ત્યારે આ પુસ્તક ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો પોતાનું જ્ઞાન અધતન રાખે તે અને વ્યાવસાવિકો પોતાનું જ્ઞાન અધતન રાખે તે માટે અતિ ઉપયોગી નિવડશે.

મારા અધીનસ્થ મદદનીશ ગ્રંથપાલ તરીકે શ્રી અંકુયાનાં ગ્રંથાલયિત્વ અને વિદ્યાપ્રીતિ માટે આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com